# મલેરિયા ફાઉન્ડેશન

## ઇન્ટરનેશનલ

*ઇમ્બ્રેસીંગ હ્યુમનીટી વર્લ્ડવાઇડ*

મલેરિયાના કારણે સર્જાતી આરોગ્યલક્ષી, આર્થિક અને સામાજિક સમસ્યાના નિરાકરણના વિકાસ અને અમલીકરણને પ્રોત્સાહન પૂરુ પાડવાનો અમારો ધ્યેય છે.












### નેતાગીરીનો વિકાસ

એમએફઆઇ મલેરિયા સામે લડવા માટેના વ્યૂહ અંગે ચર્ચા, વહેંચણી અને મંત્રણા કરવા માટેનું વાતાવરણ પૂરુ પાડવા વૈશ્વિક નેતાઓ અને ભાગીદારીઓનું સંવર્ધન કરે છે. અમારા નેટવર્કમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વૈજ્ઞાનિકો, અને ઔદ્યોગિક તથા સમુદાયના નેતાઓનો સમાવેશ થાય છે.

### સમુદાયોનું શિક્ષણ

એમએફઆઇ સમુદાયના નેતાઓ અને બાળકોમાં શિક્ષણને ઉત્તેજન આપે છે તેમના કલ્યાણ માટે પ્રયત્નો કરે છે. મલેરિયાની ગ્રસ્ત ક્ષેત્રોમાં અમારો કાર્યક્રમ સમુદાયો માટે વિશેષ સંબંધો અને તકોનું સર્જન કરે છે. આ દરમિયાન મલેરિયા ન હોય તેવા દેશોના બાળકો આ રોગને કારણે થતા વિનાશ માટે ભાવુક બન્યા છે.

### મલેરિયા અંગે જાગૃતિ

વર્ષ 1992થી એમએફઆઇએ મલેરિયા સામે લડવા માટે વૈશ્વિક પ્રયાસોની જરૂરિયાત પર લોકોનું ધ્યાન દોર્યું છે. સંસ્થાની મુખ્ય સફળતાઓમાં મલેરિયા અંગેની સંપૂર્ણ માહિતી આપતી સૌપ્રથમ વેબસાઇટની શરૂઆત, મલેરિયા અંગે જાગૃતિ માટે પ્રથમ પ્રેસ કીટનો વિકાસ, મલેરિયાના ફેલાવાના નિયંત્રણમાં ઉપયોગમાં લેવાતા ડીડીટીના ઉપયોગને પ્રતિબંધિત કરવાની હિમાયત અને આર્ટિમિસીનીન આધારિત કોમ્બિનેશન થેરાપિના (એસીટી) ઉપયોગ માટે વૈશ્વિક પ્રયાસોને ટેકો આપવાનો સમાવેશ થાય છે.

### સંશોધનને સમર્થન

મલેરિયા રોકી શકાય તેવો અને નિદાન થઇ શકે તેવો રોગ હોવાથી એમએફઆઇ વૈજ્ઞાનિકો વધુ અસરકારક દવાઓ અને રસીઓના વિકાસ માટે સંશોધનનું સમર્થન કરે છે.

## અમે કોણ છીએ

મલેરિયા ફાઉન્ડેશન ઇન્ટરનેશનલની (એમએફઆઇ) સ્થાપના વર્ષ 1992માં ડોક્ટર મેરિ આર. ગલિન્સ્કી દ્વારા કરવામાં આવી હતી. મલેરિયાના સંશોધકો અને વિવિધ વ્યવસાયક નિષ્ણાતોની પ્રતિબદ્ધતા અને સમર્પિતતા સાથે મલેરિયા સામે અસરકારક રક્ષણ, નિદાન અને નિયંત્રણને સમર્પિત ખાનગી આંતરરાષ્ટ્રીય સંસ્થાની રચના કરવાના આયોજનને આગળ લઇ જવામાં આવ્યું. એમએફઆઇ આ કાર્ય સાથે જોડાયેલા ઘણા વ્યક્તિઓ અને જૂથો સાથે ભાગીદારીમાં કાર્યો કરે છે.

## તાજેતરના વૈશ્વિક પ્રયાસો



**એન્ડ મલેરિયા - બ્લૂ રિબન કેમ્પેઇન.** અમેરિકન સોસાયટી ઓફ ટ્રોપીકલ મેડિસીન એન્ડ હાઇજિનની વર્ષ 2006માં એટલાન્ટા ખાતે મળેલી વાર્ષિક બેઠકમાં રજૂ કરવામાં આવેલી બ્લૂ રિબન મલેરિયા સામે લડવાની વિશ્વની સમર્પિતતા અને પ્રતિબદ્ધતાનો પાયાનો સંકેત બની ગઇ છે.

SLAM

**મલેરિયા સામે વિદ્યાર્થી નેતાઓ.** એસએલએએમની રચના મલેરિયા અંગે સમજ અને તેની સામે લડવાની પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને સાંકળવા કરવામાં આવી છે. વર્ષ 2005થી એસએલએએમ પાઇલોટ પ્રોજેક્ટ્સનો અમેરિકા, આફ્રિકા અને એશિયામાં વિકાસ થયો છે.

MARTIAL ART INTERNATIONAL CHOI KWANG DO

**ચોઇ ક્વાંગ ડો માર્શલ આર્ટ ઇન્ટરનેશનલ.** સીકેડી મલેરિયાને લડત આપવામાં એમએફઆઇને મદદ કરે છે. યુનાઇટેડ સ્ટેટ્સ અને યુનાઇટેડ કિંગ્ડમના સીકેડી ઇન્સ્ટ્રક્ટર અને વિદ્યાર્થીઓ મલેરિયા અંગે જાગૃતિ, શિક્ષણ અને આર્થિક વિકાસના સમર્થક બન્યા છે.

MBLC

**મલેરિયા બિઝનેસ લિડરશીપ કોન્ફરન્સ**, મલેરિયાના નિષ્ણાતો, ઉદ્યોગ અને સમુદાયોના નેતાઓને મલેરિયા અંગેની વાસ્તવિકતાઓ જાણવા અને આ પ્રકારના વ્યક્તિઓનું વિવિધતા ધરાવતું જૂથ કઇ રીતે રોગ સામે લડી શકે તે જાણવાના હેતુથી એકઠા કરે છે,



**મલેરિયા એવોર્ડ સેરેમનીની** શરૂઆત વર્ષ 2006માં થઇ હતી અને તેમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો, ઔદ્યોગિક અગ્રણીઓ, જાણીતી હસ્તીઓ અને રાજકારણીઓ સહિતના મલેરિયા સામે લડતા ઘણા નેતાઓ અને બેનામી લોકોને એમએસીએ ઓળખ આપી છે.

**એમએફઆઇના હાલના કાર્યક્રમોની વધુ વિગતો મેળવવા માટે અમારી વેબસાઇટ www.malaria.org ની મુલાકાત લો અથવા MFI@malaria.org પર અમારો સંપર્ક કરો.**

**ભાષાંતર www.worldvoicecenter.com દ્વારા પુરૂ પાડવામાં આવ્યું**

June 2009